ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૫

2025માં શાહીદની ફિલ્મોનું (ક)પૂર!

શાહીદ કપૂર અત્યારના અભિનેતાઓમાં વન ઓફ ધ બેસ્ટ એક્ટર છે. તેની સૌથી સારી વાત એ છે કે અજય, અક્ષય, રિતીક, સલમાન, શાહરૂખ અને રણબીર કપૂર એક્શન ફિલ્મોમાં વિશ્વાસ મુકવા માંડે ત્યારે પણ પોતાની પસંદગી જાળવી રાખે છે. તે એક્શન ફિલ્મો પણ કરી શકે છે પણ એવી ફિલ્મો પર જ ભરોસો નથી રાખતો.

સ્ટાર દમ

હમણાં જ પૂરા થયેલા 2024ના વર્ષમાં 'તેરી બાતો મેં ઐસા ઉલઝા જીયા' ફિલ્મમાં તે એક્શનથી દૂર હતો. એક વર્ષમાં એક જ ફિલ્મ રજૂ થઈ તો પણ તે બેબાકળો નથી થતો. દરેક ફિલ્મ પર પૂરી મહેનત લગાડવાની તેની ટેવ છે. તે પોતાને પ્રથમ પાંચ સ્ટાર્સમાં એક ગણાવવાની હોડમાં પણ નથી. આવું બધું એવા અભિનેતા જ કરી શકે જેનામાં પોતાની પ્રતિભા વિશે વિશ્વાસ હોય. આજના ઘણા સ્ટાર્સ નિર્માતા બની ગયા છે પણ તેણે આ ટ્રેન્ડ અપનાવ્યો નથી તેની બીજી એક ખાસ વાત કે સારી વેબસિરીઝ મળે તો તેમાંય કામ કરી લે છે એટલે તે 'ફર્ઝી'માં દેખાયો હતો. શાહીદ સારા દિગ્દર્શકોની પસંદ બની ગયો છે. નિર્માતાઓ તેના પર ભરોસો મુકે છે કારણ કે કોઈ ટંટો ઊભો કર્યા વિના સારી રીતે કામ કરે છે. ટોપ સ્ટાર્સને લઈને ફિલ્મ બનાવનારા ખૂબ ટેન્શનમાં રહે છે શાહીદ એવા ટેન્શન આપવાથી દૂર છે. તે પોતાની ફિલ્મોની સિક્વલથી સક્સેસ મેળવવામાં પણ પડતો નથી. બાકી આજે તો દરેક સ્ટાર્સ ઈચ્છે છે કે પોતાની સફળતાને સિક્વલ વડે પાકી કરે. 2025નું વર્ષ તેના માટે બહુ ખાસ બને એવી કોઈ યોજના તેણે બનાવી નથી કારણ કે સલમાન, આમીર, શાહરૂખ વગેરે 2024માં ગેરહાજર હતા તે આ વર્ષે પોતાની ફિલ્મોથી ત્રાટકવાના છે. શાહીદ બજારનાં નિયમથી દૂર રહી કામ કરે છે એટલે આ મહિનાનાં અંતમાં જ તેની 'દેવા' રજૂ થવાની છે. તેમાં તે રિબેલિઅસ પોલીસ ઓફિસર થયો છે. તેની સાથે પૂજા હેગડે છે. 'અર્જુન ઉસ્તરા' નામની ફિલ્મ વિશાલ ભારદ્વાજની છે જેની સાથે તે અગાઉ કામ કરી ચૂક્યો છે. આ ફિલ્મ પણ 2025માં જ રજૂ થાય એવા ઈરાદે બની રહી છે. શાહીદ સાથે તૃપ્તિ ડિમરી છે. શાહીદ ઉંમર ખાય જતો અભિનેતા છે એટલે નવી અભિનેત્રી સાથે જોડી બનાવી શકે છે. તેની એક ફિલ્મ રાકેશ ઓમ પ્રકાશ મહેરાની 'કર્ણ' છે જેમાં જાન્હવી કપૂર અને સૂરીયા છે. 'લવ ટુડે' નું દિગ્દર્શન અદ્વૈત ચંદન કરે છે અને તેમાં જૂનૈદ ખાન અને ખુશી કપૂર છે. આ ફિલ્મ આ ફેબ્રુઆરીમાં જ આવી જશે. એ એક ખૂબ ડ્રામેટિક ફિલ્મ છે. તેની પાસે 'અશ્વત્થામાં- ધ સાગા કન્ટિન્યુ' છે જેમાં તે અશ્વત્થામાની ભૂમિકા કરશે. પણ આધુનિક સમયની વાત હશે. સંજય લીલા ભણશાળી પણ તેને લઈ એક ફિલ્મની યોજના બનાવે છે. તો 'બુલ' નામની ફિલ્મ શિવાનની છે. 'આવારા પાગલ દીવાના-2' અને 'કોકટેલ-2' તો સિક્વલ છે. આ બધી ફિલ્મો શાહીદને સ્ટાર તરીકે અને અભિનેતા તરીકે વધુ શાનદાર બનાવશે. વ્યક્તિ તરીકે તે બહુ સ્વસ્થ છે અને મીરા રાજપૂત સાથે સારું લગ્નજીવન જીવી રહ્યો છે. લફડા કરવાની તેને ટેવ નથી. પબ્લિકમાં રહેવા નુસખા અપનાવતો નથી પંકજ કપૂર જેવા ઉત્તમ અભિનેતાનો તે પિતાની દિકરો છે અને શાનને આગળ વધારવા કમિટેડ છે. શાહીદ આ વર્ષે પ્રશંસા અને સફળતા બંને પામશે. ●

શાહીદ કપૂર સારા દિગ્દર્શકોની પસંદ બની ગયો છે. નિર્માતાઓ તેના પર ભરોસો મુકે છે કારણ કે કોઈ ટંટો ઊભો કર્યા વિના સારી રીતે કામ કરે છે. ટોપ સ્ટાર્સને લઈને ફિલ્મ બનાવનારા ખૂબ ટેન્શનમાં રહે છે શાહિદ એવા ટેન્શન આપવાથી દૂર છે

વિદેશી ગર્લ સાઉથની ઓર

હિન્દી ફિલ્મ અત્યારે તેના સ્ટાર્સ શોધી રહી છે કે જેથી બોક્સઓફિસ પર પ્રેક્ષકો ભીડ કરી શકે. પણ ઘણા પ્રયત્ન છતાં એ શક્ય નથી બની રહ્યું. ફિલ્મોદ્યોગ અત્યારે પોતાને વેરવિખેર અનુભવી રહ્યો છે અને એટલે જ પ્રિયંકા ચોપરાએ કામ કરવા માટે હિન્દી ફિલ્મને હા પાડવી જોઈતી હતી તેના બદલે સાઉથના નિર્માતાને હા પાડી છે. સાઉથના નિર્માતા મોટા બજેટની અને મોટા લેવલની ફિલ્મ બનાવી શકે છે. પ્રિયંકાએ હોલીવુડમાં કામ કર્યું છે એટલે હિન્દી ફિલ્મોનું સ્તર જાણે છે. થોડાક જ દિગ્દર્શક છે કે જે પ્રિયંકાને યોગ્ય ભૂમિકા આપી શકે. પ્રિયંકા હિન્દી ફિલ્મોમાં કામ કરવા ઉત્સુક છે કારણ કે તેણે તેની અગાઉની ફિલ્મોથી જે પ્રેક્ષક ઊભો કર્યો છે તે હિન્દી ફિલ્મોનો જ છે. પ્રિયંકા હવે હોલીવુડમાં કામ કર્યા પછી ઓછી ફીમાં હા પણ ના પાડે અને વધારે ફી આપ્યા પછી જે બજેટ બને તે હિન્દી ફિલ્મવાળા વસુલી પણ ન શકે. અત્યારે હિન્દી ફિલ્મોદ્યોગમાં આત્મવિશ્વાસ ઘટી ગયો છે અને એટલે થિયેટર માટેની ફિલ્મો ઓછી બની રહી છે. પ્રિયંકા કામ કરવાની હોય તો ઓટીટી પ્લાટફોર્મ માટે ન હોય. પ્રિયંકાએ સાઉથની ફિલ્મમાં કામ કરવા હા પાડી તેને હિન્દી ફિલ્મોદ્યોગનાં લોકોએ એક તીખી ટિપ્પણી તરીકે જોવું જોઈએ. પ્રિયંકાને લઈને કોઈ નિર્માતા મોટી ફિલ્મ બનાવી શક્યા હોત પણ તકલીફ એ છે કે સાઉથની ફિલ્મવાળાઓએ ભારત જ નહીં વિશ્વના પણ અનેક દેશોમાં ડિસ્ટ્રીબ્યુશનનું સેટઅપ ગોઠવ્યું છે અને પરિણામે તેમની ફિલ્મો કરોડોના બજેટે બને છે અને કમાણી પણ મેળવી શકે છે. હિન્દી ફિલ્મના કોઈ સ્ટાર્સે પૅન ઈન્ડિયા સ્ટાર બનવાની ઈચ્છા પ્રગટ નથી કરી કારણ કે તેમને પૅન ઈન્ડિયા સ્ટાર બનાવે તેવા નિર્માતા દિગ્દર્શક અને સેટઅપ નથી. પ્રિયંકાની દૃષ્ટિ બહુ શાર્પ છે ને તે આ બધું જોઈ શકે છે. પૂરા છ વર્ષના વિરામ પછી તે એસ.એસ.રાજામૌલી અને મહેશ બાબુની ફિલ્મમાં આવી રહી છે. ફિલ્મનું શૂટિંગ એપ્રિલ-2025થી શરૂ થવાનું છે. એસ.એસ.રાજામૌલી બહુ પર્ફેક્શન સાથે કામ કરવામાં માને છે. હજુ ફિલ્મનું શીર્ષક નક્કી નથી પણ પ્રિયંકાનું કામ કરવું નક્કી છે. અત્યારે ફિલ્મનું લેખન તેના અંતિમ તબક્કામાં છે. આ ફિલ્મનું શૂટિંગ 2026ના અંત સુધી ચાલશે અને 2027માં રજૂ થશે. આ ફિલ્મ માટે તેના નિર્માતાઓ ડીઝની અને સોની જેવી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કંપની સાથે વાટાઘાટ કરી ચૂક્યા છે એટલે ફિલ્મનું લેવલ વૈશ્વિક સ્તરનું રહેશે. પ્રિયંકા માટે આ ફિલ્મ નવા વર્ષની મોટી ભેટ ગણાશે. પ્રિયંકાની છેલ્લી હિન્દી ફિલ્મ કઈ હતી તે પ્રેક્ષકોને યાદ નહીં હશે પણ 'બાજીરાવ મસ્તાની' બધા યાદ રાખી શકે. ત્યાર પછીની 'જય ગંગાજલ'ને લોકોએ ખાસ પસંદ નહોતી કરી. ●

લાઈમ લાઈટ

ટૅલેન્ટેડ કન્યા અનન્યા

અનન્યા પાંડેને તમે મોસ્ટ બ્યુટીફૂલ અભિનેત્રીઓમાં એક તરીકે ગણી શકો અને અત્યારની સૌથી યુવા અભિનેત્રીઓમાં પણ તે એક છે. આ બધું છતાં 2024માં તે 'કોલ મી બે' સિવાય કશું ન કરી શકી. 'બેડ ન્યૂઝ'માં તે જરૂર હતી તેના માટે 'ગુડ ન્યુઝ' બની નહોતી. તેની પહેલાં 'ખો ગયે હમ કહાં'માં તે આવી હતી અને પછી પોતાને જ પૂછતી હતી કે ખો ગયે હમ કહાં? અનન્યાનો પ્રોબ્લેમ એ છે કે તે એવા હીરો સાથે કામ કરે છે જે સ્વયં જગ્યા બનાવવાના પ્રયત્નમાં છે. સફળ સ્ટાર સાથે ફિલ્મો કરતી હોત તો એ સ્ટાર્સની સફળતાનો લાભ તેને પણ થયો હોત. પણ આતો દરેક નવોદિત માટે થતી શરૂઆતની કહાણી છે. અનન્યા એકદમ ગ્રેસફૂલ લુક ધરાવે છે અને તેથી જ કરણ જોહરે તેને સ્ટૂડન્ટ ઓફ ધ યર-2માં લોન્ચ કરી હતી પણ એ ફિલ્મમાં ટાઈગર શ્રોફ અને તારા સુતારિયા જેવા જ હાલ તેના છે પણ તેના હાલ આ વર્ષે સુધરવાના પૂરા આસાર છે. અનન્યાનો સ્વીકાર થઈ ચુક્યો છે એટલે તેને સારી ફિલ્મો મળી રહી છે.

આ વર્ષે તે 'ધકડ-2' જેવી ફિલ્મમાં છે. તેમાં તે અને તૃપ્તિ, સૌરભ સચદેવા સાથે આવે છે. અનન્યા સમાધાનથી દૂર રહી છે અને નવા અભિનેતા સાથે જ કામ કરે છે. એટિટ્યૂડ યોગ્ય પણ છે. પણ આવતા માર્ચમાં રજૂ થનારી 'ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ સી. શંકરન નાયર'માં અક્ષયકુમાર, માધવન સાથે કામ કરે છે. એ ફિલ્મમાં તે જૂદી ભૂમિકામાં છે કારણ કે તે જલિયાંવાલા બાગમાં જે બન્યું હતું તેની કહાણી દર્શાવે છે જેમાં નાયર નામના વકીલની રસપ્રદ સ્ટોરી છે. બાકી રન ફોર ચંગમાં તે આદર્શ ગૌરવ અને રોહન શાહ સાથે છે. અભિનેતા નવા હોય તો ડરીને રહેવું એવું તે માનતી નથી. નવોદિત અભિનેતા સાથે કામ કરવું તેને ઉત્સાહ આપે છે. ખાલીદ મોહમ્મદના દિગ્દર્શનમાં તે કામ કરે છે તેમાંય અંકુર રાઠી છે અને શનાયા કપૂર છે. અનન્યા ચંકી પાંડેની દિકરી છે. ચંકી કાંઇ સફળ અભિનેતા નહોતો પણ અનન્યા ફિલ્મોમાં આવી પછી ચંકીને કામ મળવા માંડ્યુ છે. અનન્યાને તમે આ બાબતે પણ સફળ ગણી શકો. બાકી તેની પાસે લક્ષ્ય સાથેની 'ચાંદ મેરા દિલ' અને વિક્રમાદિત્ય મોટવાને દિગ્દર્શીત 'દરબાર' પણ છે અને આ ફિલ્મમાં છૂટાછેડા લીધા મા-પિતાની દિકરી તરીકે તે કામ કરી રહી છે. દરેકની પોતાની સ્ટ્રગલ હોય છે પણ તેમાં દૃઢતાપૂર્વક દિશા નક્કી કરવી અગત્યની છે.

ગ્લેમર

અનન્યામાં દિશા સ્પષ્ટ છે એટલે આ વર્ષે જે કેટલીક નવી અભિનેત્રીઓની ફિલ્મો રજૂ થવાની છે. તેમાં તે કદાચ લીડર તરીકે વર્તાશે. અનન્યા અત્યારે ખૂબ મેચ્યોર રીતે વર્તી રહી છે. ફિલ્મોના કામ સિવાય બીજી રીતે ચર્ચામાં આવવાથી દૂર રહે છે અનન્યા પોતાને અનન્ય પૂરવાર કરે એવી પૂરી શક્યતા છે. બસ, હમણાં તે કામમાં ડૂબી રહીને સારા ભવિષ્યનો ઈંતેજાર કરે છે. ●